ગુજરાતમાં ફરી ઠંડીનો ચમકારો અનુભવાશે

હવામાન વિભાગની આગાહી : આજથી પાંચ દિવસ હવામાન સુકૂં રહેશે, ક્યાંક એક બે ડિગ્રી તાપમાનમાં વધારો થશે તો ક્યાંક થોડો ઘટાડો થઇ શકે છે

અમદાવાદ, તા.૯

રાજયમાં ફરી ઠંડીનો ચમકારો થવાની આગાહી સામે આવી છે. રાજ્યમાં ઉત્તર પૂર્વનાં પવન ફૂંકાશે જેના કારણે આગામી ૪૮ કલાક બાદ બેથી ત્રણ ડિગ્રી તાપમાન ઘટશે. આ સાથે મહત્તમ તાપમાન ઊંચુ રહેવાનાં કારણે બપોરે ગરમીનો પણ અહેસાસ થવાનો છે. જેના કારણે ગુજરાતીઓને બેવડી ઋતુ માટે તૈયાર રહેવું પડશે. અમદાવાદમાં આજે સવારે ઠંડીનો અહેસાસ થયો હતો. જોકે, થોડા દિવસથી રાતે અને સવારે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ૨૪ કલાકમાં શહેરનું તાપમાન ત્રણ ડિગ્રી જેટલું ઘટ્યું છે. પરંતુ બપોરે ગરમીનો અહેસાસ થાય છે. જેના કારણે લોકો બેવડી ઋતુની અસર થવાને કારણે બીમાર પણ થઈ રહ્યા છે. આજથી પાંચ દિવસ માટે હવામાન વિભાગનું અનુમાન સામે આવ્યું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આજથી પાંચ દિવસ હવામાન સુકૂં રહેશે. ક્યાંક એક બે ડિગ્રી તાપમાનમાં વધારો થશે તો ક્યાંક થોડો ઘટાડો થઈ શકે છે. આ સાથે અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી પહોંચે તેવી પણ શક્યતા દર્શાવવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, રાજ્યમાં ઠંડી અને ગરમી બંનેનો અનુભવ થશે. હવામાન વિભાગે, અમદાવાદ અને ગાંધીનગરનાં તાપમાનની પણ વાત કરતા જણાવ્યુ કે, અમદાવાદ અને ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૪.૮ ડિગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૩૧-૩૨ ડિગ્રીની આસપાસ તાપમાન રહેવાની શક્યતા છે. અમદાવાદ માટે ન્યૂનતમ તાપમાન ૧૬.૨ અને મહત્તમ તાપમાન ૩૧.૫ ડિગ્રી રહેવાની શક્યતા છે. આ સાથે ગાંધીનગરનું ન્યૂનતમ તાપમાન ૧૪.૮ અને મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના આંકડાઆ પ્રમાણે, મંગળવારે અમદાવાદનું મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૨.૦ ડિગ્રી વધીને ૩૧.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૩ ડિગ્રી વધીને ૧૬.૨ ડિગ્રીએ પહોંચ્યુ હતુ. જેને કારણે શહેરમાં વહેલી સવારથી ૧૦.૦૦ વાગ્યા સુધી ઠંડક રહ્યાં બાદ બપોરે ૧૨થી ૫ દરમિયાન ગરમીમાં વધારો થતો હોય તેમ અનુભવાઈ રહ્યુ છે. રાજ્યમાં બેવડી ઋતુ દરમિયાન શહેરમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત અર્બન અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં એક જ દિવસમાં શરદી અને ખાંસીના બે હજાર કેસ નોંધાયા છે. આ મહિનામાં અત્યારસુધીમાં કોલેરાનો એક કેસ નોંધાયો છે. પાણીના પોલ્યુશનની વધતી જતી ફરિયાદની સાથે મ્યુનિ.તંત્રે લીધેલા પાણીના સેમ્પલ પૈકી ૨૯ સેમ્પલનો ક્લોરીન રિપોર્ટ નીલ આવ્યો છે. શહેરના સાત ઝોનના અડતાલીસ વોર્ડમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૮૦થી વધુ અર્બન હેલ્થ સેન્ટર ઉપરાંત કોમ્યુનિટી હેલ્થ સેન્ટર આવેલા છે.

ગાંધીનગરના પ્રજ્ઞાચક્ષુ શિક્ષક નેશનલ ટી-૨૦ ટુર્નામેન્ટમાં ગુજરાતના કપ્તાન

ગાંધીનગર, તા. ૦૯

પુડુચ્ચેરી ખાતે તા.૧૧મી ફેબ્રુઆરીથી નેશનલ બ્લાઈન્ડ ક્રિકેટ ટી-૨૦ ટુર્નામેન્ટ શરૂ થઈ રહી છે. આ ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમ પણ રમવા જવા રવાના થઈ ગઈ છે અને આ ટીમના કેપ્ટન તરીકે કમલેશ નિંબાડકર છે જેઓ ગાંધીનગરની સેક્ટર-૧૬ ખાતેની અંધશાળાના શિક્ષક તરીકે ફરજ બજાવે છે અને તેઓ ભારતની બ્લાઈન્ડ ક્રિકેટ ટીમમાંથી પણ રમી ચુક્યાં છે.

આ ટુર્નામેન્ટમાં ગુજરાત ગ્રૂપ 'ડી'માં રમશે જેમાં લીગ મેચોમાં તેની ટક્કર હરિયાણા, મધ્ય પ્રદેશ, પુડુચ્ચેરી સાથે થશે. કપ્તાન કમલેશ નિંબાડકરે આ ટુર્નામેન્ટમાં ગુજરાતને ચેમ્પિયન બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

રાજકોટ ખાતે આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ૯૦ ટકા કામ પૂર્ણ

રાજકોટ, તા.૯

રાજકોટમાં આંતરરાષ્ટ્રી ગ્રીનફિલ્ડ એરપોર્ટનું કામ ૯૦ ટકા જેટલું પૂર્ણ થઈ ગયુ છે. રાજકોટમાં ૧૪૦૦ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તૈયાર થઈ રહ્યુ છે. આગામી એપ્રિલમાં એરપોર્ટનું લોકાર્પણ થઈ જવાની શક્યતા સેવાઈ રહી છે.

આ એરપોર્ટનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવી શકે છે. આ માટે એરપોર્ટ ઓથોરીટી દ્વારા તૈયારી કરવામાં આવી રહી છે. આ માટે વડાપ્રધાન મોદીને આમંત્રણ આપવામાં આવશે.રાજકોટમાં નિર્માણ થઈ રહેલા ગ્રીનફિલ્ડ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું કામ ૯૦ ટકા જેટલું પૂર્ણ થઈ ગયુ છે. આ કામગીરીમાં રનવે, પાર્કિંગ, બોક્સ લવર્ડ, ટેક્સી ટ્રેક અને કોમ્યુનિકેશન બિલ્ડિંગ સહિતની કામગીરી લગભગ પૂર્ણ થઈ ગઈ છે.



આજે વહેલી સવારે અમદાવાદનુ વાતવારણ ધૂમ્મસ વાળુ રહ્યું હતું

અમદાવાદમાં U-20 સમિટ અંતર્ગત પ્રથમ શેરપા મીટિંગનો પ્રારંભ

ગાંધીનગર, તા.૯

૨૦ અંતર્ગત અમદાવાદ શહેરમાં આજથી બે દિવસ માટે યોજાયેલી ૨૦- અર્બન સમિટની પ્રથમ શેરપા બેઠકનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણા શહેરો આર્થિક વિકાસના પીઠબળની સાથે-સાથે સામાજીક-સાંસ્કૃતિક અને આર્થિક કેન્દ્રો પણ છે. શહેરી વિકાસની યાત્રાના શિલ્પી એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમ્યાન ગુજરાતના શહેરોની સંપૂર્ણ કાયાકલ્પ કર્યો અને તેના પગલે શહેરોમાં 'ઈઝ ઓફ લિવિંગ ' વધ્યુ તેના આપણે સૌ સાક્ષી છીએ. છેલ્લાં દશકાઓમાં ગુજરાત સરકારે પણ નેટ ઝીરો, ટ્રાન્ઝિટ ઓરિયન્ટેડ ડેવલોપમેન્ટ અને સમાજના નબળા વર્ગોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અનેક પરિયોજનાઓ કાર્યાવન્તિ કરી છે. સમગ્ર વિશ્વમાં શહેરીકરણ ખૂબ ઝડપથી વધી રહ્યું છે ત્યારે હાલમાં અસંતુલિત વિકાસ, આવન-જાવન કે ભીડની સમસ્યા, પર્યાવરણીય અસંતુલન અને સાર્વજનિક સેવા વિતરણમાં ઊભી થનારી સમસ્યાઓનું પરિણામલક્ષી સમાધાન હોય તે રીતે શહેરી વિકાસ યોજનાઓની ડિઝાઈન ઊભી કરવી જોઈએ તે સમયની માંગ છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈના પ્રયાસોના પગલે ગુજરાતના શહેરોને જાહેરમાળખાગત સુવિધાઓમાં નૂતન સંશોધનો અને ઈ-ગર્વનન્સને અગ્રિમતા આપી છે તેના પરિણામે અમદાવાદમાં બીઆરટીએસ જનમાર્ગ સુવિધા, મેટ્રો રેલ પ્રોજેક્ટ, ડિઝિટલ ગર્વનન્સ, અર્બન કનેક્ટિવિટી પ્રોજેક્ટ સાકાર થયા છે. એટલું જ નહીં, રાજ્યના શહેરોમાં સિટીઝન સેન્ટ્રિક સેવા- નાગરિક સુવિધા કેન્દ્રો, ઓનલાઈન ડેવલોપમેન્ટ પ્લાન્ટ પાસિંગ તથા બી.યુ.પરમિશન જેવી પ્રક્રિયાઓ સંપૂર્ણપણે ઓનલાઈન કરવામાં આવી છે એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતને ૨૦ બેઠકોની અધ્યક્ષતા કરવાનું શ્રેય મળ્યું છે તે આપણા માટે ગૌરવની વાત છે તેનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ બેઠક વર્તમાન શહેરી વિષયક બાબતો માટે સર્વસમાવેશી- લાંબાગાળાના આર્થિક લાભ માટેની સર્વાધિક સંભવિત અવસરોને ઉપલબ્ધ કરવાનું એક પ્લેટફોર્મ પૂરવાર થશે.

ગણપત યુનિવર્સિટીના આંગણે ઉજવાશે ૩૬મો ઈન્ટર યુનિવર્સિટી વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલ

ગાંધીનગર, તા.૯

આગામી તારીખ ૧૦થી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન ગણપત યુનિવર્સિટીના યજમાન પદે ઉજવાશે રાષ્ટ્રીય કક્ષાનો ૩૬મો ઈન્ટર-યુનિવર્સિટી વેસ્ટ-ઝોન યુથ ફેસ્ટિવલ, જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવાની ૩૯ યુનિવર્સિટીના ૨૦૦૦થી વધુ કલા-રસિક વિદ્યાર્થીઓ સહભાગી બની પોતાની કલા-પ્રતિભાની અભિવ્યક્તિ કરશે.

" ધી એસોસિએશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીસ " (AIU) દ્વારા છેક ૧૯૮૫થી દરવર્ષે નેશનલ લેવલે અને ઝોનલ લેવલે " ધી યુનિ-ફેસ્ટ "નું આયોજન થાય છે, જે આ વર્ષે ગણપત યુનિવર્સિટીના " સતરંગ " યુથ ફેસ્ટિવલ તરીકે ગણપત વિદ્યાનગરના આંગણે પૂરાં પાંચ દિવસ દરમિયાન રંગેચંગે ઉજવાશે !તારીખ ૧૦ થી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન ઉજાવાઇ રહેલા આ યુનિ-ફેસ્ટમાં મહત્વના પાંચ કલા-ક્ષેત્રોને આવરી લેવાશે. ૧. મ્યુઝિક ઈવેન્ટ્સ- સંગીત, ૨. ડાન્સ ઈવેન્ટ્સ-નૃત્ય, ૩. લિટરરી ઈવેન્ટ્સ-સાહિત્ય, ૪. થિયેટર ઈવેન્ટ્સ-નાટ્ય અને ૫. ફાઈન-આર્ટ્સ ઈવેન્ટ્સ- ચિત્રકલા.

ઉપરોક્ત પાંચેય કલાક્ષેત્રની કેટલીક પેટા શાખાઓના મળીને કુલ ૨૭ જેટલાં ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. ભારત સરકારની મિનિસ્ટ્રી ઑફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ દ્વારા પૂરસ્કૃત આ ૩૬માં ઈન્ટર-યુનિવર્સિટી વેસ્ટ-ઝોન યુથ ફેસ્ટિવલ - ૨૦૨૨-૨૩નું આયોજન " ધી એસોસિએશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટિસ, ન્યૂ દિલ્હી દ્વારા કરવામાં આવ્યું છે અને ગણપત યુનિવર્સિટીના સ્પોર્ટ્સ અને કલ્ચર ડિવિઝનના યજમાન પદે એની ઉજવણી થઈ રહી છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવાની ૩૯ યુનિવર્સિટીના ૨૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓ પોતાની વિવિધ કલાઓની જે પ્રસ્તુતિ કરશે તેના યોગ્ય મૂલ્યાંકન માટે દેશભરમાંથી ૩૦થી પણ વધારે " જયુરી મેમ્બર્સ " પણ આ અવસરે પધારશે.

ભરૂચમાં પોલીસની જાસૂસી કરનારા કોન્સ્ટેબલ સામે કાર્યવાહી

બૂટલેગરો માટે પોલીસની જાસૂસી મામલો : આરોપી કોન્સ્ટેબલ સામે આજીવન કેદની સજાની કલમ સાથે ફરિયાદ નોંધવામાં આવી છે, પોલીસે આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે

ભરૂચ, તા.૯

ગુજરાત પોલીસને હચમચાવી દેનારા ભરૂચ ન્ઝમ્ના ૨ કોન્સ્ટેબલોના બુટલેગરો પાસેથી રૂપિયા લઈને પોલીસની જ જાસૂસીમાં બે બુટલેગરો સહિત બન્ને અપરાધી કોન્સ્ટેબલો મળી કુલ ૪ની સામે ભરૂચ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એક વર્ષથી આજીવન કેદ સુધીની સજાની જોગવાઈઓ કરતી કલમો ફરિયાદમાં લગાવવામાં આવી છે. ભરૂચ ન્ઝમ્માં વર્ષોથી ટેક્નિકલ સર્વેલન્સમાં રહેલા બે કોન્સ્ટેબલ મયુર ખુમાણ અને અશોક સોલંકીએ રૂપિયા માટે પોલીસનું લોકેશન જ બુટલેગરોને વેચવાનું શરૂ કરી દીધું હતું. છેલ્લા કેટલાક સમયથી સ્ટેટ મોનિટરિંગ સેલની બુટલગરો ઉપર રેઈડ નિષ્ફળ જતા SP નિર્લિપ્ત રાયને શંકા ગઈ હતી. તેઓએ DYSP કે ટી કામરીયા સાથે તપાસ કરતા ભરૂચ ન્ઝમ્ના ટેક્નિકલ સર્વેલન્સમાં ફરજ બજાવતા બે કોન્સ્ટેબલ મયુર ખુમાણ અને અશોક સોલંકીની પોલીસના જ લોકેશનો બુટલેગરોને પોહચાડવામાં ભૂમિકા સામે આવી હતી. જીસ્ઝ્રએ આ અંગેનો પ્રાથમિક રિપોર્ટ તત્કાલીન DGP આશિષ ભાટિયાને કરતા ભરૂચ જિલ્લા પોલીસ વડા ડૉ લીના પાટીલે તાત્કાલિક એક્શન લઈ બન્ને રૂપિયા માટે બુટલેગરોના હાથે વેચાઈ ગયેલા પોલીસ કોન્સ્ટેબલોને સસ્પેન્ડ કરી દીધા હતા. ખૂબ જ ગંભીર ગુનાહિત કૃત્ય અંગે ભરૂચ SP એ તપાસ અંકલેશ્વર DYSP ચિરાગ દેસાઈને પોતાની સીધી દેખરેખ હેઠળ સોંપી હતી. DYSP દ્વારા ૧૮ દિવસ કરતા વધુની સઘન તપાસ બાદ આજે બી ડિવિઝનમાં SOG પીઆઈ આનંદ ચૌધરીએ બન્ને કોન્સ્ટેબલ અને બુટલેગરો સામે ફરિયાદ નોંધાવતા બંને સસ્પેન્ડ પોલીસકર્મીઓ અને બે બૂટલેગરો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાની માહિતી ભરૂચ એસપી ડૉ.લીના પાટીલે આપી હતી. પોલીસમાં જ રહી પોલીસની જાસૂસી બુટલેગરો માટે કરતા બન્ને કોન્સ્ટેબલ, બુટલેગર નયન ઉર્ફે બોબડો કાયસ્થ તેમજ પરેશ ચૌહાણ ઉર્ફે ચકા સામે એક વર્ષથી લઈ આજીવન કેદ સુધીની જોગવાઈની વિવિધ કલમો લગાવવામાં આવી છે. જેમા IPC ૪૦૯ આજીવન કેદ. સરકારી કર્મચારી દ્વારા ગુનાહિત વિશ્વાસઘાત, ૧૧૬ ગુનો કરવામાં મદદગારી, સરકારી કર્મચારીને લાંચ આપી સરકારી અધિકારીઓ સામે જ ગુનાહિત કામગીરી, કલમ ૧૧૯ પબ્લિક સર્વન્ટ તરીકે મદદગારી, ફરજ અને માહિતીનો દુરુપયોગ, ૨૦૧ પુરાવા નાશ કરવા, ૧૬૬ (એ) સરકારી કર્મચારી તરીકે પોતાની ફરજ નહિ નિભાવી ગુનાહિત કામગીરી. ૧૨૦ (બી) ગુનાહિત ષડયંત્ર, ૧૧૪ મદદગારી, આઈટી એક્ટ તેમજ ભ્રષ્ટાચારની કલમો ૧૩(૧) (ક) અને ૧૩ (૨) પ્રજાના સેવકે લાંચ લઈ બજાવેલી ફરજમાં ૭ વર્ષ સુધીની સજા થઈ શકે છે.આ કલમો હેઠળ આરોપીઓને સ્પેશ્યલ કોર્ટમાંથી જ જામીન મળી શકે તેમ છે. હાલ આ અંગે તપાસ DYSP સી.કે.પટેલને સોપાઈ છે.

સેટેલાઈટમાંઆરબીએલ બેન્કના એટીએમમાં ૨.૯૦ લાખની ચોરી

અમદાવાદ,તા.૯

અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં ગુનાઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ક્યાંક હત્યા તો ક્યાંક ચોરીના બનાવો બની રહ્યા છે. ત્યારે હવે શહેરના એટીએમમાં છેડછાડ કરીને તેમાંથી પૈસા કાઢી બેન્ક સાથે છેતરપિંડી કરવાની ઘટના સામે આવી છે. સેટેલાઈટ રોડ પર આવેલા આરબીએલ બેન્કના એટીએમમાં છેડછાડ કરીને બે ગઠિયાઓએ મશીનમાંથી અલગ અલગ કાર્ડ વડે ૨.૯૦ લાખ રૂપિયાની રકમ ઉપાડી ફરાર થઈ ગયા છે આ ઘટના અંગે બેન્ક મેનેજરે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધીને ગઠિયાઓની શોધખોળ શરૂ કરી છે. હાલના ડિજિટલ યુગમાં નવા નવા પ્રકારે છેતરપિંડી કરવામાં આવી રહી છે ત્યારે બેંકનાં એટીએમ પણ સલામત રહ્યાં નથી. એટીએમમાં પણ ટેકનોલોજીની મદદથી રૂપિયા કાઢી લેતા હોય છે. આવી જ ઘટના શહેરના સેટેલાઈટ રોડ પર આવેલી આરબીએલ બેન્કમાં બની છે. બ્રાન્ચ મેનેજર નમન કંસારાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેઓ બેન્કમાં હાજર હતા ત્યારે બે અજાણ્યા શખ્સ એટીએમમાંથી રૂપિયા ઉપાડતા હતા. આ દરમિયાનમાં સિક્યોરિટી આવી ગયા હતા પરંતુ તેને એવું લાગ્યું કે, ગઠિયાઓથી ભૂલ થઈ હશે તેમ વિચારીને તેણે કોઈ કાર્યવાહી કરી ન હતી.અને મેનેજરે સીસીટીવી હેડ ઓફિસમાં મોકલી દીધા હતા. હેડ ઓફિસમાં સીસીટીવી ફૂટેજ તપાસતાં બે ગઠિયા મોડી રાતે બાર વાગે એટીએમમાં આવ્યા હતા. બે ગઠિયાએ અલગ અલગ ડેબિટ કાર્ડથી ૨.૯૦ લાખ રૂપિયા ઉપાડી લીધા હોવાનું બહાર આવ્યું હતું.

આ પ્રકારની છેતરપિંડીથી બેન્કના કર્મચારીઓ પણ ચોંકી ઊઠયા હતા. આ તરફ સમગ્ર મામલે મેનેજરે એટીએમ ચોરી બાબતે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં બે ગઠિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવી ગઠિયાઓ વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

ડ્રીમ પ્રોજેક્ટ ● અનુસંધાન પહેલાનું ચાલુ

છું. પ્રોજેક્ટ પૂરો થવા નથી આવ્યો. બીજી બાજુ નેશનલ હાઈસ્પીડ રેલવે કોર્પોરેશન લિમિટેડ (એનએચએસઆરસીએલ) તરફથી હાજર એડિશનલ સોલિસીટર જનરલ અનિલ સિંહે એ માગનો વિરોધ કરતા કહ્યું કે જમીન અધિગ્રહણ કરવાની જરૂર છે. મહારાષ્ટ્ર સરકાર વતી હાજર પૂર્વ એટોર્ની જનરલ આશુતોષ કુંભકોનીએ પણ વિરોધ નોંધાવ્યો હતો. હાઈકોર્ટે આદેશ પર અપીલ અનુસાર સ્ટે આપ્યો નહોતો.

કંપની દ્વારા દાખલ અરજીમાં ડેપ્યુટી કલેક્ટર દ્વારા ૨૬૪ કરોડ રુ. વળતર ચૂકવાયા બાદ કંપનીની જમીન અધિગ્રહણ કરવા માટે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ પસાર વળતર સંબંધિત આદેશને પડકારાયો હતો. જમીન અધિગ્રહણની કાર્યવાહીને ગેરકાયદે ગણાવતા સીરવઈએ કહ્યું હતું કે તેમાં અનેક ગેરરીતિ આચરાઈ હતી.

કંપનીએ તેની અરજીમાં માંગ કરી હતી કે હાઈકોર્ટ રાજ્ય સરકારને આદેશ આપે અને તેને કબજાની કાર્યવાહી શરૂ ન કરવા માટે નિર્દેશ આપે. સરકાર ૨૦૧૯થી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મુંબઈના વિક્રોલી વિસ્તારમાં કંપનીની માલિકીની જમીનનું અધિગ્રહણ કરવા માંગે છે. મુંબઈ અને અમદાવાદ વચ્ચેના કુલ ૫૦૮.૧૭ કિલોમીટરના રેલવે ટ્રેકમાંથી લગભગ ૨૧ કિલોમીટર ભૂગર્ભમાંથી બનાવવાની યોજના છે. ભૂમિગત ટનલનો એક પ્રવેશ બિંદુ વિક્રોલી (ગોદરેજની માલિકીની)માં જમીન પર પડે છે.

કાયાકલ્પ કરવા ● અનુસંધાન પહેલાનું ચાલુ

૭૩, તેલંગણાના ૩૯, ત્રિપુરાના ૩, ઉત્તર પ્રદેશના ૧૪૯, ઉત્તરાખંડના ૧૧, જમ્મુ-કાશ્મીરના ૪ અને પશ્ચિમ બંગાળના ૯૪ સ્ટેશન સામેલ છે.

આ યોજના હેઠળ સુવિધાઓને વધુ શ્રેષ્ઠ બનવવા પર કામ કરવામાં આવશે. આ યોજના હેઠળ સ્ટેશનો સુધી પહોંચમાં સુધારો, વેઈટિંગ રૂમ, શૌચાલય જેવા સ્થળોને સુધારવામાં આવશે. ઉપરાંત રેલવેની યોજનામાં મુસાફરો માટે રેલવે સ્ટેશનો પર માહિતી સિસ્ટમ, એક્ઝિક્યુટિવ લોન્જ જેવી સુવિધાઓ પણ સામેલ છે. આ યોજના હેઠળ સ્ટેશનોની ઈમારતોનું કાયાકલ્પ કરાશે. સ્ટેશનોને શહેરના બંને છેડા સાથે જોડવાનું કામ કરાશે. દિવ્યાંગો માટે પણ શ્રેષ્ઠ સુવિધા પુરી પાડવાની વ્યવસ્થા ઉભી કરાશે.

ઉલ્લેખનિય છે કે, દેશના ઘણા સ્ટેશનો પર કાયાકલ્પની કામગીરી શરૂ થઈ ગઈ છે. ભારતીય રેલવેએ અગાઉથી જ દિલ્હી-એનસીઆર રેલવે સ્ટેશનો વિકાસ માટે લીલી ઝંડી બતાવી દીધી છે. આમાં ગાઝિયાબાદ રેલવે સ્ટેશનના વિકાસ માટે ૩૩૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. રેલવેનું માનીએ તો, આગામી કેટલાક વર્ષોમાં દિલ્હી અને એનસીઆરના રેલવે સ્ટેશનનોમાં નવું નજરાણું જોવા મળશે અને મુસાફરોને ઘણી સુવિધાઓ પણ મળતી થઈ જશે.

ધર્માંતરણ ● અનુસંધાન પહેલાનું ચાલુ

હિના જિલાનીએ કહ્યું કે, પંજાબમાં લગ્નના પ્રમાણપત્ર માટે વિશ્વાસની ફરજિયાત ઘોષણાએ અહમદિયા સમુદાયને વધુ હાંસિયામાં ધકેલી દીધો છે. પાકિસ્તાનમાં લઘુમતી સમુદાયો, જેમાં હિંદુઓ, ખ્રિસ્તીઓ, શીખો અને અહમદીઓનો સમાવેશ થાય છે, તેઓ હજુ પણ બહુમતી સમુદાય દ્વારા ભય અને સતાવણીના પડછાયા હેઠળ જીવે છે. ૨૦૨૨ માં, પંજાબ, સિંધ અને ખૈબર પખ્તૂનખ્વાના શહેરો અને નગરોમાં લઘુમતી સમુદાયોના સભ્યો વિરુદ્ધ નિંદાના ઘણા કેસો નોંધાયા હતા. ઉઁઈઝઁ એ ૨૦૧૪ના સુપ્રીમ કોર્ટના જિલાની ચુકાદાની ભાવનામાં લઘુમતીઓ માટે એક પ્રતિનિધિ અને સ્વાયત્ત વૈધાનિક રાષ્ટ્રીય આયોગની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો છે. HRCPએ બળજબરીથી ધર્માંતરણને અપરાધ બનાવવા માટે તાત્કાલિક કાયદો બનાવવાની પણ હાકલ કરી છે.

વધુ ખિલશે ● અનુસંધાન પહેલાનું ચાલુ

'કાદવ તેમની પાસે હતું, મારી પાસે ગુલાલ... જે પણ જે લોકો પાસે હતું, તેણે દીધું ઉછાળી...' મોદીએ કહ્યું કે, જેટલું કાદવ ઉછાળશો, કમળ તેટલું વધુ ખિલશે. અમારી સફળતામાં તમારું યોગદાન ભૂલી શકાય તેમ નથી. પીએમએ કહ્યું, આઝાદીથી અત્યાર સુધીમાં અમારી સરકાર આવી ત્યાં સુધી માત્ર ૩ કરોડ ઘરોને નળથી પાણી મળતું હતું. છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં ૧૧ કરોડ ઘરોને નળ દ્વારા પાણી મળી રહ્યું છે. ભારતમાં પાણીની સમસ્યા, જે તમામ પરિવારોની સમસ્યા હોય છે. પાણી વગર જીવન અશક્ય છે. અમે દેશના તમામ ઘરો સુધી પાણી પહોંચે તે દિશામાં કામ કર્યું. આ દેશના અડધાથી વધુ લોકો બેંકના દરવાજા સુધી પહોંચી શક્યા ન હતા. અમે તેનો કાયમી ઉકેલ શોધ્યો. છેલ્લા ૯ વર્ષમાં ૪૮ કરોડ જનધન બેંક એકાઉન્ટ ખોલવામાં આવ્યા. આમાંથી ગામડાઓ અને નાના વિસ્તારોમાંથી ૩૨ કરોડ બેંક એકાઉન્ટ ખોલવામાં આવ્યા. મંગળવારે રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારની આકરી ટીકા કરી હતી. તેમણે અદાણી મુદ્દે પીએમ મોદી પર નિશાન સાંધ્યું હતું. ત્યારબાદ બુધવારે પીએમ મોદીએ લોકસભામાં સંબોધન દરમિયાન કોંગ્રેસ પર જોરદાર હુમલો કર્યો હતો. જોકે પીએમ મોદીએ સંબોધન દરમિયાન રાહુલનું નામનો બિલકુલ ઉલ્લેખ કર્યો ન હતો.

કામ અટવાયું ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિયત સમય કરતા વધુ સમય પસાર થઈ ગયો છે. જેના લીધે સેકટરોના આંતરિક માર્ગોની દશા આમ પણ ખરાબ છે. સેકટરોના આંતરિક રસ્તાઓ અને રીંગ રોડ ધુળિયા બનવાની સાથે ખાડા ટેકરા અસ્તિત્વમાં આવ્યા છે. સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી સ્ટાર્મ વોટર લાઇનનુ કામ બાકી રહી ગયુ હોય તેવા વિસ્તારમાં અમુક પોકેટમાં નવી લાઇન નાંખવામાં આવી રહી છે. જયારે આ દરમિયાન બુલડોઝરથી આંતરિક માર્ગો ખોદી નાંખવામાં આવ્યા છે. જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો અત્યંત ખરાબ સ્થિતિમાં છે. આવા સંજોગોમાં સેકટરોના આંતરિક રસ્તાઓ પર માર્ગ સલામતી પણ જોખમાઇ છે. સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે અંદાજિત રૂ ૧૦ કરોડના ખર્ચને મંજુરી આપી દેવામાં આવી છે. ત્યારે આ કામગીરી હવે આગામી છ આઠ મહીના બાદ હાથ ધરવામાં આવશે. સે- ૧થી ૫ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. પરંતુ સ્ટોર્મ વોટર લાઇનના ખોદકામ સાથે હવે આગામી દિવસોમાં પાણી ગટરની લાઇન નાંખવા માટે પણ કામ હાથ ધરવામાં આવશે. જેથી માર્ગો પર ગાબડા પડવાની સંભાવના છે. જેને અનુલક્ષી હવે હાલ સેકટરોમાં માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવશે નહી જયારે પાણી ગટરની લાઇન નાંખવાની કામગીરી પણ પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે. જેના લીધે સેકટરોમાં હાલ માર્ગ રીસરફેસીંગની કામગીરી હાથ ધરવામાં આવશે નહી. જો કે તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલની લાઇનને અનુલક્ષી હાથ ધરાયેલી ખોદકામગીરી બાદ માર્ગો પર થીગડા મારવાનો નિર્ણય લીધો છે. જે અન્વયે પણ હજુ સુધી લાંબા સમયના અંતે પણ કામ થયુ નથી.

વધારાની રકમ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુવિધા ધરાવતા આ આવાસોમાં કેટેગરી મુજબ ક્ષેત્રફળમાં પણ ફેરફાર હોય છે. જયારે અત્યાર સુધી ૧૬૨૪ આવાસનુ બાંધકામ કરવામાં આવ્યુ છે. જે લાભાર્થીઓને ફાળવી દેવામાં આવ્યા છે. જયારે લાભાર્થીઓને ફાળવવામાં આવેલા આ મકાનો પૈકી ૪૩૩ લાભાર્થીઓએ જ અત્યાર સુધી દસ્તાવેજ કરાવ્યા છે. આવા સંજોગોમાં જંત્રીના દર બેવડાઇ જવાથી સ્ટેમ્પ ડયુટી અને નોંધણી ફી માં વધારો ચુકવવો પડશે તે મામલે આવાસ ધરાવતા લાભાર્થીઓમાં ચિંતા પ્રવર્તી હતી બીજીતરફ ગુડા દ્વારા પણ દસ્તાવેજ કરાવી લેવા માટે સ્મૃતિપત્ર પણ પાઠવવામાં આવતા દસ્તાવેજની પ્રક્રીયા વધુ ખર્ચાળ બનશે તે મામલે આવાસ યોજનાના લાભાર્થીઓ પણ ચિંતામાં મુકાયા હતા જો કે ગુડાના આવાસ માલિકોએ આ મામલે કોઇ વધારાની રકમ ચુકવાની રહેશે નહીં તેમ સુત્રોએ જણાંવતા લાભાર્થીઓ પણ નિરાંત અનુભવી છે.

વોચ રાખવા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહીને ઉપલબ્ધ કરાવવાની સુચના આપવામાં આવી છે. સાથે સાથે કિશોરીઓનાં સ્વાસ્થયમાં સુધારો આવે તે હેતુથી શાળા કક્ષાએ સેનેટરી પેડ વેન્ડીગ મશીન તથા ઈનન્સીનેટર મૂકી તેનું સંચાલન થાય તેવી વ્યવસ